# વેરાવળ સખીવન સ્ટોપ સેન્ટર દ્વારા ગુમ થયેલી બિહારીની મહિલાનું પરિવાર સાથે મિલન કરાવ્યું



વેરાવળ,

વેરાવળ ખાતેના 'સખી વન સ્ટોપ' સેન્ટરના કર્મચારીઓએ બિહારની ગુમ થયેલી મહિલાનું મનોવૈજ્ઞાનિક પરામર્શ કરાવી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. એક મહિનાથી ગુમ થયેલી માતાને મળીને પુત્ર ગદગદ થયો હતો. કલેક્ટર એન.વી.ઉપાધ્યાયે સહજભાવે મહિલાના ખબર-અંતર પૂછ્યા હતાં અને પરિવાર સાથે સૌહાર્દપૂર્ણ ચર્ચા કરી સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીશ્રીઓની ઉમદા કામગીરીને બીરદાવી હતી.

આ અંગેની વધુ વિગતો આપતા કલેક્ટર એ જણાવ્યું હતું કે, બિહાર રાજ્યના મોતીપુર પુરાણી બજારના રહેવાસી ૫૪ વર્ષીય મહિલા છેલ્લા એક મહિનાથી પરિવારથી વિખૂટા પડી ગયા હતાં. તા.૨૧ જાન્યુઆરીના રોજ જનરક્ષક ૧૧૨ તથા સીટી પોલીસ સ્ટેશન દ્વારા એક અજાણી હિન્દી ભાષી મહિલાને રાત્રીના સમયે આશ્રય સહાય માટે સખી વન સ્ટોપ સેન્ટર ખાતે લાવવામાં આવ્યા હતાં.

પહેલા તો કર્મચારીઓએ સહૃદયી વાત કરી અને મહિલાને પૂરતો આરામ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ સેન્ટર ખાતે તેમની પાસેથી પ્રાથમિક માહિતી એકત્રિત કરી 'સખી વન સ્ટોપ' સેન્ટર દ્વારા આરામદાયક આશ્રય, ભોજન, કપડા જેવી પ્રાથમિક જરૂરિયાતો અને સુરક્ષા સુવિધા પૂરી પાડવામાં આવી હતી. એમ એમણે ઉમેર્યું હતું.

ત્યારબાદ તેમનું મનોસમાજિક કાઉન્સેલિંગ કરવામાં આવ્યું, જેના પરિણામે એ જાણવા મળ્યું કે, મહિલા છઠ પૂજા માટે ઘરેથી નીકળ્યા બાદ મોબાઈલ ચોરી થવાને કારણે પરિવારથી સંપર્કવિહોણા થયાં હતાં. જે પછી વેરાવળના સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા બિહારના મુઝફ્ફરપુર સખી વન સ્ટોપ સેન્ટરનો સંપર્ક કરી તેમના પરિવાર સાથે સંપર્ક સાધવામાં સફળતા મળી હતી. ટેલિફોનિક વાતચીત દરમિયાન તેમના પુત્રને માતા સંપૂર્ણ સુરક્ષિત હોવાનું જણાવવામાં આવ્યું જેને કારણે પરિવારજનોને હાશકારો થયો હતો અને આનંદની લાગણી અનુભવી હતી.

# સુત્રાપાડા ખાતે સમસ્ત કારડીયા રાજપૂત સમાજના સમૂહ લગ્ન યોજાયા

## ૧૪ મો સમૂહ લગ્નમા ૧૦ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં માંડયા



મિતેશ પરમાર, વેરાવળ,

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા મુકામે દર વર્ષની જેમ આ વર્ષે પણ સુત્રાપાડા કારડીયા રાજપૂત સમાજ લગ્ન સમિતિ અને કારડીયા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ સુત્રાપાડા દ્વારા વસંત પંચમી ના પ્રવિત્ર દિવસે સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું.

અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ અને ગુજરાત રાજયના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડની રાહબરી હેઠળ તેમજ સુત્રાપાડા કારડીયા રાજપૂત સમાજ લગ્ન સમિતિ અને કારડીયા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ સુત્રાપાડા દ્વારા દર વર્ષે વસંત પંચમી ના શુભ દિને સુત્રાપાડા મુકામે સમૂહ લગ્ન નું આયોજન કરવામાં આવે છે જે પરંપરા આ વર્ષે પણ જળવાઈ અને ૧૪ માં સમૂહ લગ્નનું આયોજન સુત્રાપાડા બી એમ બારડ એજ્યુકેશન ટ્રસ્ટના મેદાનમાં સફળતા પૂર્વક અને હર્ષોલ્લાસ સાથે કરવામાં આવેલ હતું.

સુત્રાપાડા ખાતે યોજાયેલ કારડીયા રાજપૂત સમાજના સમૂહ લગ્નમાં યુગલોએ પ્રભુતા માં પગલાં માંડેલ હતા.

આ સમૂહ લગ્નના આયોજનમાં સમગ્ર જમણવારના દાતા અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ જશાભાઈ બારડ રહ્યા હતા તેમજ ગુજરાત રાજય ખેતી બેંક ના ચેરમેન ડોલરભાઈ કોટેચા દ્વારા તમામ કન્યાઓને સોનાનો દાણો આપવામાં આવેલ હતી. ઉપરાંત સુત્રાપાડા ના વતની અને હાલ બરોડા શ્રી ગ્રુપ ના ચેરમેન ભરતભાઈ બારડ દ્વારા દરેક કન્યાઓ ને રૂપિયા દસ હજાર ની ફિક્સ ડિપોજિત ની રસીદ આપવામાં આવી હતી તેમજ ગુજરાત રાજય ના મુખ્યમંત્રી દ્વારા દરેક વરવધુ ને શુભેચ્છા સંદેશ આપવામાં આવેલ હતું તેમજ સમૂહ લગ્ન ના આયોજક પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ ને અભિનંદન પાઠવતો પત્ર આપવામાં આવ્યો હતો , જીએચસીએલ કંપની દ્વારા સહયોગ આપવામાં આવિયો

અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજ ના પ્રમુખ અને ગુજરાત સરકાર ના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ નું ભવાની માં ની છબી આપી સન્માન કરવામાં આવિયું હતું ,તેમજ મુખ્ય દાતાઓ અને આગેવાનો નું પણ માં ભવાની ની છબી આપી સન્માન કરવામાં આવિયું હતું .

આ તકે જશાભાઈ બારડે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે આ પ્રકારના સમાજના કરોડો રૂપિયાની બચત થાય છે તેમજ સમાજ આ પ્રસંગે એક થાય છે સુત્રાપાડા મુકામે યોજાયેલ કારડીયા રાજપૂત સમાજ ના સમૂહ લગ્નના યોજનમાં અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ અને પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ સાથે કારડીયા રાજપૂત સમાજના આગવાનો ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં ,પૂર્વ ધારાસભ્ય કાળાભાઈ ઝાલા, પૂર્વ મંત્રી લક્ષ્મણભાઈ પરમાર પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શૈલેન્દ્રસિંહ રાઠોડ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રાજવીરસિંહ ઝાલા, માનસિંહભાઈ ડોડીયા, , સીમાર એજ્યુકેશન ટ્રસ્ટના પ્રદ્યુમનસિંહ ડોડીયા, બહોળી સંખ્યામાં કારડીયા રાજપૂત સમાજના લોકો હાજર રહી અને સમૂહ લગ્ન મહોત્સવ ને સફળ બનાવેલ હતો. ભારતીય જનતા પાર્ટી ના પ્રદેશ કારોબારી સભ્ય દિલીપભાઈ બારડ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો,સમગ્ર કાર્યકમ નું સંચાલન નરેન્દ્રભાઈ ડોડીયા અને પિયુષભાઈ કાછેલા દ્વારા કરવામાં આવ્યુ હતું.









# પ્રભાસપાટણમાં રૂ.૪.૧૯ લાખના દારૂના જથ્થા સાથે એક ઝડપાયો: બે ફરાર



વેરાવળ,

પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા ની સુચના તથા માર્ગદર્શન મુજબ એલ.સી.બી.ના પો. ઈન્સ. એસ.વી.રાજપુત તથા પો. સબ ઈન્સ એ.સી.સિંધવ તથા પો. સબ ઈન્સ. એચ.એલ. જેબલીયા નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી.ના પો. હેડ કોન્સ. નરેન્દ્રભાઇ પટાટ તથા હિતેશભાઇ વાળા ને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે પ્રભાસ પાટણ શીવજી નગર સોસાયટી વાળી ગલીમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલોના જથ્થા સાથે પકડી પાડી પ્રભાસ પાટણ પો.સ્ટે. ગુ.ર.નં.-૨૫/૨૬ પ્રોહી એકટ ક.-૬૫ઈ, ૮૧, ૯૮(૨) મુજબનો ગુન્હો રજી. કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપીઓ રવિ પાલાભાઇ ચાવડા રબારી રહે.ડારી, તા.વેરાવળ વિજય ઉર્ફે ભુરો વાજા રહે. કોડીનાર (પકડવાનો બાકી) સ્મીત મરાઠા રહે.વેરાવળ હાઉસીંગ સોસાયટી (પકડવાનો બાકી) પકડેલ મુદામાલ ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ-૧૨૩ કિં.રૂ.૪,૧૯,૨૫૦ ફોર વ્હીલ કાર મહીન્દ્રા ૩૦૦ રજી.નં.જીજે-૩૨-કે-૭૦૦૧ કી.રૂ.૫,૦૦૦૦૦ વીવો કંપનીનો મોબાઈલ ફોન-૧ કિં.રૂ.૫૦૦૦ કુલ મુદામાલ કી.રૂ.૯,૨૪,૨૫૦ પકડવામાં આવેલ છે

# અમરેલીમાં ૪૫થી વધુ લોકોને શ્વાને બચકાં ભર્યા બાદ તંત્ર જાગ્યું

## ૧૬૦૦ જેટલા રખડતા શ્વાનનું રસીકરણ કરાશે, ભાવનગર વેટરનરીની ટીમો બોલાવાઈ



અમરેલી:

અમરેલી શહેરમાં બાળકો, મહિલાઓ અને પુરુષો સહિત ૪૫થી વધુ લોકો પર શ્વાન દ્વારા હુમલા અને બચકા ભરવાની ઘટનાઓ બાદ નગરપાલિકાએ કડક કાર્યવાહી હાથ ધરી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં સર્વે કર્યા બાદ ૧૬૦૦ જેટલા રખડતા શ્વાનને રસીકરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.આ કામગીરી માટે ભાવનગરથી વેટરનરી ડોકટરોની ટીમો બોલાવવામાં આવી છે. હાલમાં, શહેરના ૧૦ વિસ્તારોમાં બે ટીમો દ્વારા શ્વાનને પકડીને હડકવા વિરોધી રસી આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. રસીકરણની આ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.ભાવનગરની એજન્સીના ગોપીબેન ચાવડાએ જણાવ્યું કે, નગરપાલિકા અને હસ્તી કોર્પોરેશન દ્વારા અમરેલીમાં રખડતા શ્વાનનું વેક્સિનેશન અને ડીવોર્મિંગ કરવામાં આવી રહ્યું છે. અમારી બે ટીમો અને બે ડોકટરો દ્વારા તમામ વિસ્તારોમાં રસીકરણની કામગીરી શરૂ કરવામાં આવી છે.અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર વિનોદ રાઠોડે માહિતી આપી કે, નગરપાલિકાએ હસ્તી કોર્પોરેશન સાથે મળીને બે ટીમો ઉતારી છે. ડોકટરો અને સ્ટાફ સાથે રસીકરણ અને ડીવોર્મિંગની કામગીરી શરૂ કરાઈ છે, જેથી શ્વાનોની આક્રમકતા અને આતંક ઓછો થશે. આ કામગીરી શહેરના તમામ વિસ્તારોને આવરી લેશે.





